**સરકાર અને લાભિત ખેડુતોની ભાગીદારીથી સંયુકત સિંચાઇ વ્યવસ્થા અને વહીવટ વિકસાવવા બાબત - રાજય કક્ષાના કાર્યકારી જુથની રચના.**

**નર્મદા અને જળસંપત્તિ વિભાગ,**
**બ્લોક નં.૯, નવા સચિવાલય,ગાંધીનગર**
**ઠરાવક્રમાંક:પીજીટી/૧૦૯૩/૨/ક.૩**
**તારીખ: ૨૨-૩-૯૪.**

**આ મુ ખ :-**

રાજયના જુદા જુદા વિસ્તારોમાં આવેલી મોટી, મધ્યમ અને નાની સિંચાઇ યોજનાઓ પાછળ થતાં મુડી રોકાણ બાદ જે સિંચાઇ ક્ષમતા ઉપલબ્ધ થાય છે તેનો શકય મહત્તમ ઉપયોગ થવા બાબત તેમજ તેને પરિણામે ઉત્પાદકતાનું પ્રમાણ ઉત્તરોત્તર વધારવા બાબત અત્યાર સુધીના અનુભવના પ્રમાણમાં લાગુ પડતી બાબતો જેવી કે, સિંચાઇની માગણીઓ મંજુર કરવાથી માંડીને સિંચાઇ લેણાની વસુલાત કરવી, સિંચાઇ મરામત, જાળવણી અને વહીવટ પાછળ દર વર્ષે કરવો પડતો અને વધતો જતો ખર્ચ બીન-અધિકૃત સિંચાઇના પ્રશ્નો, અને એકંદર રીતે લાભિત ખેડુતોની જરુરીયાતોનો પણ સાથે સાથે યોગ્ય રીતે નિકાલ થવો, જેવી મુખ્ય બાબતોના સંદર્ભમાં છેલ્લા થોડા વર્ષોથી અન્ય રાજયોમાં આ વિષયમાં થયેલ કાર્યવાહી અને અનુભવ, ભારત સરકારની કક્ષાની આ વિષયમાં થયેલી વિચારણા અને ભલામણો, તેમજ ગુજરાત રાજયમાં પણ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રાયોગિક ધોરણે કેટલીકસિંચાઇ યોજનાઓમાં ઉપલબ્ધ સ્થાનિક સ્વૈરિછક સંસ્થાઓ(NGO) ના માર્ગદર્શન હેઠળ, સરકારશ્રી અને લાભિત ખેડુતોના સહકારી સંગઠન વચ્ચે ભાગીદારીનો સિધ્ધાંત અમલમાં મુકી તેમજ પ્રથમ તબકકામાં બન્ને પક્ષે પુરી કરવી રહેતી જવાબદારીઓ અને પુર્વ તૈયારીઓ સમજુતીના કરારનામા(MOU) ના આધારે હાથ ધરીને સંયુકત સિંચાઇ વ્યવસ્થા ગોઠવવા તેમજ તેના અનુભવને આધારે યોગ્ય નીતિ-વિષયક બાબતો વિચારણામાં લઇને કેટલાક હુકમો અને વ્યવસ્થા કરવાનુ સરકારશ્રી કક્ષાએ વિચારણામાં હતુ.

ફેબ્રુઆરી-૧૯૯૩ દરમિયાન વાલ્મી (WALMI) આણંદ મુકામે આ વિષયની જરુરીયાતોની કાળજીપુર્વકની વિચારણા અને ભલામણો કરવા સારુ એક પરામર્શ વર્કશોપ (CONSULTATION WORKSHOP) નુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ભારત સરકારના પ્રતિનિધિઓ, મહારાષ્ટ્ર સરકારના પ્રતિનિધિઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, કેટલીક પિયત સહકારી સિંચાઇ મંડળીઓના પ્રતિનિધિઓ, તદ્ઉપરાંત શૈક્ષણિક સંસ્થાના પ્રતિનિધિઓ, ફીલીપાઇન્સ દેશના અનુભવી તજજ્ઞશ્રી બેન્જામીન, ફોર્ડ ફાઉન્ડેશન, યુરોપિયન ઇકોનોમીક કોમ્યુનીટીના પ્રતિનિધિઓ, અને રાજય સરકારના અધિકારીઓએ ભાગ લઇ ને જરુરી વિચારણા કર્યા પ્રમાણે આગળની કાર્યવાહી જરુરી બની હતી.

રાજય સરકાર તરફથી હાલમાં જુદી જુદી યોજનાઓ ઉપર સિંચાઇ પુરી પાડવા સામે જે સિંચાઇના દરો અમલમાં છે, તેમાં વ્યાજબી વધારો કરવાનુ જરુરી બન્યુ હોવા છતાં એક યા બીજા વહીવટી કારણોસર સિંચાઇના દરોમા વધારો અથવા સિંચાઇના દર વસુલ લેવા માટે પાણી પુરુ પાડવાની પધ્ધતિમાંફેરફાર શકય બન્યો નથી. તેમ છતાં ખાનગી ક્ષેત્રે અન્ય ખેડુતો કે જેઓ પોતે વ્યકિતગત રીતે અથવા તેમના સંગઠન જુથો તરીકે પોતાનુ મુડી રોકાણ કરીને સિંચાઇના સાધનો બધા જ પ્રકારની મુડી ખર્ચ ની નાણાંકીય જવાબદારીઓ (CAPITAL EXPENDITURE) સાથે ઉભા કરે છે. અને ત્યારબાદ આ સિંચાઇના સાધનો વહીવટી અને બધો જ સંચાલન ખર્ચ પોતે (own)જ ભોગવે છે. વાસ્તવમાં વહેણ સિંચાઇની સગવડો કે જે મુખ્ય રીતે રાજય સરકારની મોટી, મધ્યમ અથવા નાની સિંચાઇ યોજનાઓ મારફત સિંચાઇ વહીવટ થાય છે, અને તેમાં જે સિંચાઇના દરો વસુલ લેવાનુ હાલ અમલમાં છે, તેના કરતાં

ઘણો વધારે ખર્ચ અને સિંચાઇના દરો અન્ય ખેડુતો અથવા તેમના જુથો ભોગવે છે, તેમજ સાથે સાથે ઉત્પાદકતા પણ જાળવે છે. તેની નોંધ લેતા એ બાબત સ્પષ્ટ થાય છે કે ખેડુતો, સિંચાઇની જરૂરીયાતો અને ઉત્પાદકતાની ખાતરી સામે સિંચાઇની સગવડતાઓને આવકારે છે અને તેની કિંમત સમજે છે. આવી પરિસ્થિતિ ખેડુતોના પક્ષે સ્વીકાર્ય બનવા સારૂ સ્થાનિક સિંચાઇની સગવડો અને વ્યવસ્થા કાર્યક્ષમ અને બધા જ પ્રકારે સક્ષમ હોવી જરૂરી છે. કે જેથી ખેડુતોની જરૂરીયાત પ્રમાણે સમયસર અને પુરતુ સિંચાઇ માટેનુ પાણી સમાનતાના ધોરણે તેમને મળવાની ખાતરી હોય. ફેબ્રુઆરી-૧૯૯૨ દરમ્યાન હૈદ્રાબાદ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદમાં સિંચાઇ યોજનાઓની વ્યવસ્થા, જાળવણી અને વહીવટી બાબતો માટે ખેડુતો સાથે ભાગીદારી વિકસાવીને સંયુક્ત સિંચાઇ વ્યવસ્થા ઉભી કરવી તે આ પ્રશ્નમાં અસરકારક વિકલ્પ અને જરૂરીયાત છે તે બાબત ઉપર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત રાજયની જીવાદોરી સમાન નર્મદા યોજનામાંથી ઉપલબ્ધ થનાર સિંચાઇ વ્યવસ્થા અને ક્ષમતાના વહીવટ અને સંચાલન બાબત એવી નીતિ વિષયક ગણતરી રખાઇ છે કે, નહેરોમાંથી વ્યકિતગત ખેડુતોને નહી પરંતુ ખેડુતોના યોગ્ય રીતે નોંધાયેલ જુથોને સિંચાઇ માટે પાણી ફાળવવામાં આવશે અને આનુસંગિક બાબતો જેવી કે, સિંચાઇ દરની વસુલાત કરવી, પાણીના જથ્થાની માપણી વગેરે બાબતોનો તેના સંદર્ભમાં અમલ કરાશે.

**ઠ રા વ :-**

ઉપરોક્ત વિષયમાં કાળજીપુર્વકની વિચારણાના અંતે સરકારશ્રીની નીતિ તરીકે સમાન અને વ્યાપક ધોરણે અમલીકરણ કરાવવા અને લાભિત ખેડુતોના સહકારી સંગઠનો મારફત ભાગીદારીના ધોરણે સંયુકત સિંચાઇ વ્યવસ્થા વિકસાવવા અને અંતે સિંચાઇ વ્યવસ્થા, વહીવટ, જાળવણી અને મરામતની જવાબદારીઓ ખેડુતોના સંગઠનોને તબદીલ(TURN OVER ) કરી શકાય તે માટે નીચે મુજબના રાજય કક્ષાના કાર્યકારી જુથની રચના કરવાનુ ઠરાવવામાં આવે છે.
*

| | | |
|---|---|---|
| ૧. | મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય | અધ્યક્ષશ્રી |
| ૨. | અગ્ર સચિવશ્રી,નાણા વિભાગ,ગાંધીનગર | સભ્યશ્રી |
| ૩. | શ્રી બી.એન.નવલાવાલા, સલાહકાર<br>આયોજન પંચ, ગુજરાત રાજય, નવી દિલ્હી. | સભ્યશ્રી |
| ૪. | વિસ્તાર વિકાસ (સી)એડી-વોટર મેનેજમેન્ટ)<br>જળસંપત્તિ ગ્રંથાલય ભારત સરકાર નવી દિલ્હી | વૈકલ્પિક સભ્યશ્રી |

---

* **૧.તારીખ ૩૦/૧/૯૬ ના સરકારી પરિપત્રથી રાજય કક્ષાના કાર્યકારી જુથની ઉપર મુજબ રચના કરવામાં આવી છે.**

| | | |
|---|---|---|
| ૫. | અધિક મુખ્ય સચિવશ્રી, ખેતીવાડી<br>સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૬. | અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને<br>ગ્રામીણ આવાસ વિભાગ. | સભ્યશ્રી |
| ૭. | સચિવશ્રી(આયોજન) સામાન્ય વહીવટ વિભાગ | સભ્યશ્રી |
| ૮. | સચિવશ્રી, નર્મદા,અને જળસંપત્તિ, વિભાગ. | સભ્યશ્રી |
| ૯. | નિયામકશ્રી, (નહેર) સરદાર સરોવર નર્મદા અને<br>જળસંપત્તિ વિભાગ. | સભ્યશ્રી |
| ૧૦. | મુખ્ય ઇજનેરશ્રી(પંચાયત) અને સંયુકત<br>સચિવશ્રી, નર્મદા અને જળસંપત્તિ વિભાગ. | સભ્યશ્રી |

| | | |
|---|---|---|
| ૧૧. | મુખ્ય ઇજનેર(દમણગંગા) અને સંયુકત સચિવશ્રી, નર્મદા, અને જળસંપત્તિ વિભાગ. | સભ્યશ્રી |
| ૧૨. | શ્રી અનિલભાઇ શાહ, ચેરમેન, ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, અમદાવાદ. | સભ્યશ્રી |
| ૧૩. | શ્રી બેરી અન્ડરવુડ, મુખ્ય વહીવટકર્તા, આગાખાન **ગ્રામ વિકાસ સમર્થન કાર્યક્રમ, અમદાવાદ** | સભ્યશ્રી, |
| ૧૪. | ડૉ.ઉજ્જવલ પ્રધાન, પોગ્રામ ઓફિસર, ફોર્ડ ફાઉન્ડેશન, દિલ્હી. | સભ્યશ્રી |
| ૧૫. | મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, વાલ્મી(WALMI) આણંદ. | સભ્યશ્રી, |
| ૧૬. | શ્રી હરનાથ જગાવત, એન.એમ.સદગુરુ જળ અને વિકાસ ફાઉન્ડેશન, મુ.દાહોદ, જિ.પંચમહાલ | સભ્યશ્રી, |
| ૧૭. | શ્રી કે.સી.બી.રાજુ, વિવેકાનંદ સંશોધન અને તાલીમ સંસ્થા, માંડવી જિ.કચ્છ. | સભ્યશ્રી |
| ૧૮. | ઇન્સ્ટીટયુટ ઓફ રુરલ મેનેજમેન્ટ (IRMA) આણંદના પ્રતિનિધિ. | સભ્યશ્રી |
| ૧૯. | ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ(IIM) અમદાવાદના પ્રતિનિધિ. | સભ્યશ્રી |
| ૨૦. | ગુજરાત ઇન્સ્ટીટયુટ ઓફ ડેવલપમેન્ટ રીસર્ચ (GIDR) ગોતા, અમદાવાદના પ્રતિનિધિ. | સભ્યશ્રી |
| ૨૧. | પ્રમુખશ્રી, જીવનદીપ પિયત સહકારી મંડળી, ઝરણાવાડી, તા.વાલીયા જિ.ભરુચ (પીગોટ સિંચાઇ યોજના) | સભ્યશ્રી, |
| ૨૨. | પ્રમુખશ્રી, બલદવા પિયત સહકારી મંડળી તા.વાલીયા, જિ.ભરુચ (બલદવા સિંચાઇ યોજના) | સભ્યશ્રી |
| ૨૩. | મુખ્ય ઇજનેરશ્રી, વિસ્તાર વિકાસ અને પીઆઇએમ) અને સંયુકત સચિવશ્રી, નર્મદા અને જળસંપત્તિ વિભાગ. | સભ્ય સચિવ |

ઉપરોકત રાજય કક્ષાનું કાર્યકારી જુથ નીચેની બાબતો અંગે વિચારણા કરી જરુરી નીતિ -વિષયક નિર્ણયો કરાવવા અને આ વિષયની જરુરીયાતોનુ વાસ્તવિક રીતે સરળ અને ઝડપી અમલીકરણ શકય બને તે પ્રમાણે કાર્યવાહી હાથ ધરાશે, તેમજ સરકારશ્રીના હુકમો જરુર પ્રમાણે મેળવીને તેનો અમલ કરાવશે.

૧. સરકાર અને ખેડુતોની ભાગીદારી વડે સંયુકત સિંચાઇ વ્યવસ્થા ગોઠવવા બાબત અને સિંચાઇ વહીવટ ખેડુતના સંગઠનને તબદીલ (TURN OVER) થવા બાબતનો નીતિ વિષયક ઠરાવ(POLICY RESOLUTION) બહાર પાડવાની કામગીરી.

૨. પ્રથમ તબકકામાં પ્રાયોગિક ધોરણે રાજયના જુદા જુદા જરુરીયાત વાળા વિસ્તારોમાં પાયલટ પ્રોજેકટને ધોરણે જરુરી અનુભવ મેળવવા સારુ કાર્યક્રમ તૈયાર કરવો અને વિકસાવવો.

૩. ખેડુતોના સંગઠનો ઉભા કરવા અને વિકસાવવાની મુખ્ય જરુરીયાત તરીકે કમ્યુનિટિ ઓર્ગેનાઇઝરની (COMMUNITY ORGANISER)સેવાઓ પુરી પાડવાની નીતિ નકકી કરવી તેમજ આ બાબત સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર મેળવવા અને સાથે સાથે રાજયના જુદા જુદા વિભાગોમાંથી આ

કામગીરી માટે રસ ધરાવતા અને ઉપયોગી અધિકારી/કર્મચારીઓની સેવાઓનો ઉપયોગ કરવો અને તે સંદર્ભમાં જરૂરી વહીવટી નિર્ણયો અને પ્રોત્સાહનો આપવા બાબતની કામગીરી.

૪. સરકારશ્રી અને ખેડુતોના સંગઠન વચ્ચે પ્રથમ તબકકામાં નકકી થવા રહેલા સમજુતીના કરારનામાની (MOU) જોગવાઇઓ અને શરતો માન્ય કરાવવી.

૫. ખેડુતોના સહકારી સંગઠનને જયારથી સિંચાઇ વ્યવસ્થા અને વહીવટ તબદીલ(TURN OVER) કરવામાં આવે ત્યારબાદ કાયદાકીય જોગવાઇઓ અને અધિકૃત સંગઠન તરીકે પિયત સહકારી મંડળી તરીકે જાળવવાના નિયમો (BYE-LAWS ) માન્ય કરવાની કામગીરી.

૬. લાભિત ખેડુતો તેમજ તેમના સગઠનોની માગણીના સંદર્ભમાં પુરી થયેલીચાલુ અથવા નવી સિંચાઇ યોજનાઓના સુધારાત્મક કામો અને પુન:વસવાટ(REHABILITATION) ની કામગીરી બાબત જે કીસ્સામાં લાભિત ખેડુતો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ આવા મુડી ખર્ચની સામે ફાળો(CAPITAL CONTRIBUTION) આપવા તૈયાર હોય તેવા કેસોની અગ્રતા માન્ય કરવાની કામગીરી.

૭. આ વિષયનો હેતુ જળવાય તેમજ લાંબા ગાળાની નીતિ તરીકે સક્ષમ રીતે સિંચાઇ વ્યવસ્થા વિકસાવી શકાય તે બાબત ખેડુતોનો સહયોગ અને ભાગીદારી સિધ્ધ કરવા નર્મદા અને જળસંપત્તિ વિભાગના માળખા અને કામગીરીમાં જરુર પ્રમાણે વહીવટી સુધારણા અને વ્યવસ્થા ગોઠવી શકાય તેવી બાબતોની વિચારણા અને અમલીકરણ.

૮. રાજય સરકારની નીતિ અનુસાર વિષયને અનુરુપ કામગીરી કરીને તેમજ આગેવાની લઇને નકકી કરેલા સિધ્ધાંતો પ્રમાણે અમલીકરણ કરીને લાભિત ખેડુતો અને તેમના સંગઠનોના વિસ્વાસ સંપાદન કરી પ્રથમ તબકકામાં સમજુતિના કરારનામા પ્રમાણે કાર્યવાહી કરાવનાર અધિકારીઓ/કર્મચારીઓને પ્રોત્સાહન (INCENTIVES) આપવાના ધોરણો અને નીતિ નકકી કરવા બાબત.

૯. વિષયને અનુરુપ કામગીરી સિધ્ધ કરવા અને પરિણામો મેળવવા સારુ ખેડુતો, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને કર્મચારીઓ, ખેડુત સંગઠનોના પ્રતિનિધિઓ તેમજ નર્મદા અને જળસંપત્તિ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓને જરૂરી તાલીમ નિર્દેશન અને આનુસંગિક વિષયમાં કુશળતા મેળવવા સારુ પ્રોત્સાહનો આપવાના ધોરણો નકકી કરવા.

૧૦. વાલ્મી (WALMI) આણંદ સંસ્થાની શૈક્ષણિક, વહીવટી અને સંસ્થાકીય ક્ષમતાઓ આ વિષયની વધારે જવાબદારીઓ ઉપાડવા માટે અને ઉપર સુચવ્યા પ્રમાણે તાલીમ, નિર્દેશન, એકશન રીસર [(RESEARCH ) વગેરે બાબતની કામગીરી માટે જરૂરી વિચારણા અને નિર્ણયો બાબત.

૧૧. સરકારશ્રી અને ખેડુતોની ભાગીદારીથી સંયુકત સિંચાઇ વ્યવસ્થા ગોઠવવી અને અંતે સિંચાઇ વહીવટ, જાળવણી અને મરામતની બાબત ખેડુત સંગઠનોને તબદીલ કરવી અને તે માટે અન્ય દેશો જેવા કે ફીલીપાઇન્સનો અનુભવ, અન્ય રાજયોનો અનુભવ વિચારીને સરકારશ્રીની નીતિ પ્રમાણે તબકકાવાર ચોકકસ રીતે અમલી કરણ સારુ જરુરી મેન્યુઅલ(MANNUAL)અને માર્ગદર્શક જોગવાઇઓ અને સાહિત્ય તૈયાર કરાવવાની કામગીરી.

૧૨. ફીલીપાઇન્સ દેશના તજજ્ઞ શ્રી બેન્જામીનની સેવાઓ રાજય સરકારે ફેબ્રુઆરી-૧૯૯૩ માં મેળવ્યા પ્રમાણે આ પ્રક્રિયા અને વ્યવસ્થા સક્ષમ રીતે વિકસાવવા અને સિધ્ધ કરવા સારુ તબકકાવાર કામગીરી

સંશોધન અને મુલ્યાંકન (EVALUATION) ની બાબતો સ્વતંત્ર રીતે અનુભવી તજજ્ઞો, વૈજ્ઞાનિકો અથવા નિષ્ણાતો મારફત મેળવવાની કામગીરી અને તેને અનુરુપ નિર્ણયો લેવા બાબત.

ઉપર પ્રમાણેના રાજયકક્ષાના કાર્યકારી જુથને યોગ્ય જણાય તે પ્રમાણે આ નીતિ વિષયક જરુરીયાતો અને કાર્યક્રમના અમલીકરણ સારુ, અલગ વિચારણા કરવા બાબત અને કાળજીપુર્વકની દરખાસ્તો મેળવીને જરુરી ધોરણો અને નીતિ-નિયમો માન્ય કરવા સારુ પેટા સમિતિઓ અથવા ટાસ્ક ફોર્સની રચના કરી શકશે તેમજ આ કાર્યકારી જુથ રાજય સરકારના નીતિ વિષયક ઠરાવની જોગવાઇઓનો વાસ્તવિક અને યોગ્ય અમલીકરણ બાબત જે વધારાની દરખાસ્તો, નિયમો અને ધારા-ધોરણો વિચારણામાં લેવા અથવા નક્કી કરવા જરુરી લાગે તે માટેની કાર્યવાહી પણ હાથ ધરાશે.

** આ જુથના સરકારી સભ્યો તેમનુ મુસાફરી ખર્ચ અને મોંઘવારી ભથ્થુ જે તે સંલગ્ન ખાતા પાસેથી પ્રવર્તમાન નિયમો મુજબ મેળવી શકશે. જયારે બીન સરકારી સભ્યો, સ્વૈચ્છિક સંસ્થા અને આમંત્રિતો તેમના મુસાફરી ખર્ચ, મોંઘવારી ભથ્થુ અને અન્ય મળવાપાત્ર ભથ્થા નાણા ખાતાના પરિપત્ર નં.એમએસયુ-૧૦૮૨/૨૯૮/જે, તા.૧૮-૨-૮૨ મુજબ અને અધિકારીવર્ગ-૧ ને મળવાપાત્ર સુધારેલા ભથ્થાના દરો મુજબ મેળવી શકાશે.

કાર્યપાલક ઇજનેર, હિંમતનગર સિંચાઇ વિભાગ, હિંમતનગર (અમદાવાદ સિંચાઇ યોજના વર્તુળ, હેઠળના) હેઠળના નાયબ કાર્યપાલક ઇજનેર, ડ્રેનેજ પેટા વિભાગ, સેક્ટર-૯,ગાંધીનગરને આ જુથના બીન સરકારી સભ્યો, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ અને આમંત્રિતોને મુસાફરી ભાડા, મોંઘવારી ભથ્થાં ચુકવવા સત્તા આપવામાં આવે છે. આ ખર્ચ નીચે જણાવેલ સદરે ઉધારી શકાશે.

" માગણી ક્રમાંક ૬૭, મુખ્ય સદર ૪૭૦૧ મોટી અને મધ્યમ સિંચાઇ અંગે મુડી ખર્ચ જોગવાઇ ગૌણ સદર : ૮૮૦ ખેડુતોના સહયોગથી સિંચાઇ વ્યવસ્થાની સુધારણા " યોજના.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એમ.જી.મકવાણા )
ખાસ ફરજપરના અધિકારી
સિંચાઇ યોજના (સિ.યો.૧)
નર્મદા અને જળસંપત્તિ વિભાગ,ગાંધીનગર

---

** **૧.તારીખ ૧૧/૧૧/૯૪ ના સરકારી પરિપત્રથી મૂળ પરિપત્રમાં ઉપરોકત ઉમેરો કરવામાં આવ્યો છે.**